જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/03/૨૦૨૦ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૫૯૦/૨૦૨૦**

### સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનઃ-

સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટાફ દ્વારા જરૂરિયાત મંદ લોકોમાં ૨૦૦૦ જેટલી કરીયાણા કીટનું વિતરણ કરવામાં આવ્યું તેમજ જરૂરિયાતની વસ્તુ આપી તેઓને વતન માં નહી જવા અપીલ કરવામાં આવી હતી.





**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૨૫ દેશી દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૯૩/૨૦૨૦**

**વાડજઃ** શશીન જ્યંતીલાલ શાહ (રહે. શાલીભદ્ર સોસાયટી નારણપુરા ક્રોસીંગ ઉસ્માનપુરા અંડરબ્રિજ પાસે) એ તા.૨૧/03/૨૦૨૦ રાતના ૯/00 વાગે રહેણાંક નજીક પોતાની સ્વિફ્ટ કાર નંબર જીજે ૦૧ એચએન ૦૦૨૭ કિમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૪/03/૨૦૨૦ સાજના ૫/00 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ શશીન શાહે તા.૨૫/03/૨૦૨૦ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૯૪/૨૦૨૦**

**શાહપુરઃ** કિર્તીદાબહેન ભારતભુસણ શાહ (ઉ.વ.૬૨) (રહે. કુવાવાળી પોળ હલીમની ખડકી શાહપુર) એ તા.૨૪/03/૨૦૨૦ રાતના ૧૧/૪૫ વાગે પોતાના ઘરે ગેસની સગડી ઉપર મુકેલ ગરમ પાણી લેવા જતા ગરમ પાણી ઢોળાઈ જતા શરીર ઉપર પડતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શક્તાભાઇ જકશીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૯૫/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** સંગીતાબહેન જેતાભાઇ રાવળ (રહે.ગામ અરજણસર પાટણ) એ અગમ્ય કારણસર તા.૨૪/03/૨૦૨૦ રાતના ૮/૨૦ વાગ્યાના સુમારે સોલા ગામ જુના ભાડજ રોડ આથમણો ઠાકોર વાસ ખાતે દવાની માત્રા વધારે લઈ લેતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.વસાવા ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** બીરેન બીપીનચન્દ્ર શાહ (ઉ.વ.૪૯) (રહે. આદીત્ય ફલેટ રૂષભ સોસાયટી સામે શાંતિવન પાલડી) એ બિમારીથી કંટાળી તા.૨૫/03/૨૦૨૦ રાતના ૮/૧૦ વાગ્યા પહેલા આંબેડકરબ્રિજ નીચે નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ સબુરભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી